## સાઉદી અરેબિયાના મદીનામાં ભારતીય નાગરિકો સાથે થયેલા દુ:ખદ અકસ્માત બાદ ભારત સરકારના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળની મુલાકાત

18 નવેમ્બર, 2025

17 નવેમ્બર 2025 ના રોજ સાઉદી અરેબિયાના મદીના નજીક ભારતીય યાત્રાળુઓ સાથે થયેલા દુ:ખદ અકસ્માત પર ભારત સરકાર ઊંડુ દુઃખ વ્યક્ત કરે છે. અમે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરીએ છીએ.

2. હજ અને ઉમરાહ મંત્રાલય સહિત સાઉદી અધિકારીઓ સાથે સંકલનમાં સંપૂર્ણ સહાય અને રાહત પગલાંનું નિરીક્ષણ કરવા માટે, ભારત સરકારનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ આંધ્રપ્રદેશના માનનીય રાજ્યપાલ શ્રી ન્યાયાધીશ એસ અબ્દુલ નઝીરના નેતૃત્વમાં આવતીકાલે સાઉદી અરેબિયાની મુલાકાત લેશે. તેમની સાથે વિદેશ મંત્રાલયના સચિવ (CPV અને OIA) શ્રી અરુણ કુમાર ચેટર્જી પણ રહેશે. પ્રતિનિધિમંડળ મૃતકોના અંતિમ સંસ્કારમાં પણ ભાગ લે તેવી અપેક્ષા છે.

3. ભારતીય દૂતાવાસ, રિયાધ અને જેદ્દાહમાં સ્થિત ભારતીય મહાવાણિજ્ય દૂતાવાસના સ્થાનિક અધિકારીઓ સાથે મળીને કામ કરી રહ્યા છે જેથી મૃતકોના અવશેષોની ઓળખ ઝડપથી થઇ શકે. ભારત સરકાર મૃતકોના પરિવારોને સાઉદી અરેબિયાની મુસાફરીની સુવિધા પણ આપી રહી છે. ભારત સરકાર આ દુર્ઘટનાથી પ્રભાવિત ભારતીય નાગરિકોને મદદ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને ઝડપી અને અસરકારક સહાય સુનિશ્ચિત કરવા માટે કાર્ય કરી રહી છે.

નવી દિલ્લી

18 નવેમ્બર, 2025